પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 18-04-2026** **EVENING: 7.50 TO 8.00 PM**

**Day : SATURDAY** **National News**

*******************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે રાત્રે સાડા આઠ વાગ્યે રાષ્ટ્રને સંબોધિત કરશે.
2) કેન્દ્રીય સરકારી કર્મચારીઓ અને પેન્શનધારકોના મોંઘવારી ભથ્થામાં વધારો – કેન્દ્રીય મંત્રીમંડળનો નિર્ણય.
3) પશ્ચિમ બંગાળ અને તમિલનાડુ વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર વેગવંતો બન્યો.
4) અમેરિકા દ્વારા ઈરાની જહાજ અને બંદરો પર નાકાબંધીના જવાબમાં હોર્મુઝ સામુદ્રધુનિ ફરી બંધ કરવા ઈરાનની જાહેરાત કરી
5) IPL ક્રિકેટમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ સામે દિલ્હી કેપિટલ્સનો વિજય

…………………………………………………………

**PM ADDRESS**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે રાત્રે સાડા આઠ વાગ્યે રાષ્ટ્રને સંબોધિત કરશે. મહિલા આરક્ષણ સાથે જોડાયેલા બંધારણીય સુધારા વિધેયકને બહુમતી ન મળ્યાના એક દિવસ બાદ પ્રધાનમંત્રી આ સંબોધન કરી રહ્યા છે.

વિરોધ પક્ષના દળો દ્વારા સમર્થન ન મળવાના કારણે મહિલા આરક્ષણ વિધેયક બે તૃતિયાંશ બહુમતી મેળવવામાં નિષ્ફળ રહ્યું. તેના કારણે લોકસભામાં આ

વિધેયક પસાર ન કરી શકાયું. પરિસીમન દ્વારા મહિલાઓ માટે આરક્ષણ લાગૂ કરવા સાથે જોડાયેલો કાયદો લાંબી ચર્ચા બાદ પસાર થઈ શક્યો નહતો.

**CABINET**

કેન્દ્રીય મંત્રીમંડળે આજે ઈન્ડિયા મરીન ઈન્સ્યોરન્સ પૂલની રચનાને મંજૂરી આપી. આ સ્થાનિક વીમા પૂલ માટે 12 હજાર 980 કરોડ રૂપિયાનું સોવરિન ગેરંટી ફંડ સ્થાપિત કરાયું છે. આ ફંડ દરિયાઈ જોખમો સામે રક્ષણ અને ભારતીય જહાજો માટે વીમા કવર તરીકે કામ કરશે.

નવી દિલ્હીમાં પત્રકાર પરિષદને સંબોધતા કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે આ સુવિધા મશીનરી, કાર્ગો, સલામતી અને નુકસાની અને યુદ્ધ જોખમો સહિત તમામ દરિયાઈ જોખમો માટે વીમા કવરેજ પૂરું પાડશે.

(BYTE - ASHWINI-VAISHNAV-ON-SAMUDRI-BEEMA)

મંત્રીમંડળે આ વર્ષની પહેલી જાન્યુઆરીથી કેન્દ્ર સરકારના કર્મચારીઓને મોંઘવારી ભથ્થા અને પેન્શનધારકોને મોંઘવારી રાહતનો વધારાનો હપ્તો આપવા પણ મંજૂરી આપી છે. આનાથી 50 લાખથી વધુ કેન્દ્રીય કર્મચારીઓ અને 68 લાખથી વધુ પેન્શનધારકોને લાભ  થશે તેમ શ્રી વૈષ્ણવે ઉમેર્યું હતું.

**SHAH-CABINET DECISION**

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કેન્દ્રીય કર્મચારીઓ માટે 2 ટકા મોંઘવારી ભથ્થા અને પેન્શનરો માટે મોંઘવારી રાહતમાં વધારો કરવાના સરકારના નિર્ણયની પ્રશંસા કરી છે. એક સોશિયલ મીડિયા સંદેશમાં તેમણે કહ્યું કે આ વર્ષે 1 જાન્યુઆરીથી અમલમાં આવનાર આ વધારો કર્મચારીઓ અને તેમના પરિવારોની નાણાકીય સુરક્ષા પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતાનું પ્રતીક છે.

**KIREN RIJIJU- BUDGET SESSION**

સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ સંસદના અંદાજપત્ર સત્રને ઉત્પાદક અને સફળ ગણાવ્યું છે. સંસદ પુસ્તકાલય ભવનમાં અંદાજપત્ર સત્રના સમાપન બાદ પત્રકારોને સંબોધતા શ્રી રિજિજુએ જણાવ્યું હતું કે આ સત્રમાં કેન્દ્રીય અંદાજપત્ર અને અનેક મહત્વપૂર્ણ કાયદાકીય વિધેયકો સફળતાપૂર્વક પસાર કરાયા.

**BJP – CONGRESS BRIFEING**

ભાજપના સાંસદ રવિશંકર પ્રસાદે આજે મહિલા અનામત વિધેયક પર કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીની ટિપ્પણીની નિંદા કરી છે. નવી દિલ્હીમાં પત્રકાર પરિષદમાં શ્રી પ્રસાદે જણાવ્યું હતું કે સીમાંકન વિના લોકસભા કે વિધાનસભા બેઠકોમાં કોઈ સુધારો શક્ય નથી.તેમજ અગાઉની વસ્તી ગણતરીના આધારે સીમાંકન કરી શકાય છે.ભાજપ નેતા સ્મૃતિ ઈરાનીએ કોંગ્રેસ ગંભીર આક્ષેપ લગાવ્યા હતા

અગાઉ, નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદમાં, કોંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ સરકાર સામે પ્રહાર કર્યા હતા.

**WB CAMPAIGN**

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર તેજ બન્યો છે. તૃણમૂલ કોંગ્રેસનાં પ્રમુખ અને પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનર્જીએ પાર્ટી ઉમેદવારોના સમર્થનમાં હાવડામાં એક જાહેર સભામાં હાજરી આપી હતી. તૃણમૂલ કોંગ્રેસના નેતા અભિષેક બેનર્જીએ રોડ શો યોજ્યો હતો.

ભાજપના નેતા અને વિરોધપક્ષના નેતા સુવેન્દુ અધિકારીએ પૂર્વ મેદિનીપુરમાં એક જાહેર સભાને સંબોધી. જ્યારે કોંગ્રેસના નેતા અને તેલંગાણાના મંત્રી મોહમ્મદ અઝહરુદ્દીન મુર્શિદાબાદ જિલ્લામાં વિવિધ રેલીમાં હાજરી આપી હતી.

**MID BREAK- NEWS- NATIONAL**

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**IRAN- US HORMUZ**

અમેરિકાની નાકાબંધીના જવાબમાં ઈરાને ફરી એકવાર હોર્મુઝ સામુદ્રધૂની બંધ કરવાની જાહેરાત કરી. ઈરાનના સંયુક્ત સૈન્ય કમાન્ડે આજે જણાવ્યું હતું કે હોર્મુઝ સામુદ્રધૂની પર પહેલાંની જેમ તેનું નિયંત્રણ છે. ઈરાને ચેતવણી આપી છે કે જ્યાં સુધી તેના બંદરો પર નાકાબંધી રહેશે ત્યાં સુધી હોર્મુઝ દ્વારા ટ્રાફિક અવરોધિત રહેશે.

બીજી તરફ, અમેરિકાની કેન્દ્રીય કમાન્ડ – સેન્ટકોમે જણાવ્યું છે કે અમેરિકાની સેનાએ 23 જહાજોને પરત ફરવાનો આદેશ આપ્યો છે.

અન્ય એક ઘટનાક્રમમાં, બ્રિટનની સેનાએ અહેવાલ આપ્યો છે કે ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સે હોર્મુઝમાંથી પસાર થતા ટેન્કર પર ગોળીબાર કર્યો હતો. દરમિયાન જહાજ અને તેની પર સવાર તમામ લોકોમ સલામત છે

## PURI – DATA ENERGY

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપસિંહ પુરીએ જણાવ્યું હતું કે ભારત અનિશ્ચિતતાઓને તકોમાં અને દેશના ઉર્જા ભવિષ્યને શક્તિ આપવા ડેટાને શોધોમાં ફેરવી રહ્યું છે. તેમણે જણાવ્યું કે આજે યોજાયેલી ડેટા-આધારિત શોધ પરની પરિષદે પુષ્ટિ આપી છે કે ભાગીદારી અને રોકાણને વેગ આપવા ભૂકંપીય ડેટા સંશોધન મૂળભૂત છે.

તેમણે કહ્યું કે અર્થઘટન, નવીનતા અને શોધ કરવા માટે આ વધુ લોકોને જોડતું આ એક મજબૂત બહુ-સભ્ય ડેટા ઇકોસિસ્ટમ છે તેનાથી ભારત અનિશ્ચિતતાના ક્ષેત્ર તરીકે શોધ અને ઉત્પાદનની ધારણાને નિર્ણાયક રીતે બદલી રહ્યું છે.

## REV HAJJ PILGRIMS DEPARTURE

હજ 2026 માટે 371 યાત્રાળુઓનો પહેલો સમૂહ આજે નવી દિલ્હીથી સાઉદી અરેબિયાના મક્કા જવા રવાના થયો. યાત્રાળુઓ ઇન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય હવાઇમથકથી મક્કા જવા રવાના થયા હતા. લઘુમતી બાબતોના મંત્રાલયના સચિવ ડૉ. શ્રીવત્સ કૃષ્ણ દ્વારા પ્રથમ ફ્લાઇટને લીલી ઝંડી અપાઈ હતી. તેમણે યાત્રાળુઓને સરળ, સલામત અને આધ્યાત્મિક રીતે પરિપૂર્ણ યાત્રા માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

દરમિયાન, લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુએ તમામ યાત્રાળુઓને શુભેચ્છાઓ પાઠવી અને સરળ, સલામત અને આરામદાયક હજ અનુભવ સુનિશ્ચિત કરવા સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.

**PUNJAB BIGGEST HEROIN SIEZURE**

પંજાબ પોલીસે આજે અમૃતસરમાંથી 64 કિલોગ્રામથી વધુનો કેફીપદાર્થ જપ્ત કર્યો છે, જે આ વર્ષનો અત્યાર સુધીનો સૌથી મોટો જથ્થો છે. પોલીસ વડા ગૌરવ યાદવે જણાવ્યું હતું કે અમૃતસર પોલીસની કાઉન્ટર-ઈન્ટેલિજન્સ વિંગે નાર્કો-ટેરર નેટવર્કનો પર્દાફાશ કર્યો છે અને અમૃતસરના એક ગામમાંથી બે શંકાસ્પદોની ધરપકડ કરી છે. જેઓ પાકિસ્તાન અને પોર્ટુગલના સંચાલન કરતાં લોકોના સંપર્કમાં હતા. સમગ્ર નેટવર્કનો પર્દાફાશ કરવા વધુ તપાસ ચાલી રહી છે

**IPL**

ઇન્ડિયન પ્રીમિયર લીગ – IPL ટી-20 ક્રિકેટમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ સામે દિલ્હી કેપિટલ્સનો વિજય થયો છે. ટીમ તરફથી સૌથી વધારે 60 રન ટ્રિસ્ટન સ્ટબ્સે અને કેએલ રાહુલે 57 રન બનાવ્યા, બેંગ્લોરના એન. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં બેંગ્લુરુએ ટીમને જીતવા 176 રનનો લક્ષ્યાંક આપ્યો હતો.

IPLમાં, હાલ હૈદરાબાદના રાજીવ ગાંધી આંતરરાષ્ટ્રીય સ્ટેડિયમમાં ચેન્નાઈ સુપર કિંગ્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચે મુકાબલો થઈ રહ્યો છે. હાલમાં મળતા અહેવાલ મુજબ હૈદરાબાદની ટીમએ ____02_____ વિકેટે __06_____ ઓવરમાં ____75_____ રન કર્યા છે.